પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૨૫ | ૭ ફેબ્રુઆરી, ૨૦૨૨, સોમવાર; મહા સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# લતાદીદી અલવિદા : સ્વરનો સૂરજ આથમ્યો

## રાજકીય સન્માન સાથે સુર સામ્રાજ્ઞી લતા મંગેશકરના અંતિમ સંસ્કાર : પંડિતોના મંત્રોચ્ચાર વચ્ચે લતા મંગેશકરને તેમના ભાઈ હૃદયનાથ મંગેશકરે મુખાગ્નિ આપી : ઉદ્ધવ ઠાકરે, રાજ ઠાકરે, સચિન તેંડુલકરે શ્રદ્ધાંજલિ આપી

નવી દિલ્હી, તા.૬

ભારત રત્ન લતા મંગેશકર કોવિડથી સંક્રમિત થયા બાદ ૮ જાન્યુઆરીથી મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ હતા અને આજે દુનિયાને અલવિદા કહી દીધું. ભારતે તેનો સૌથી અમૂલ્ય રત્ન ગુમાવ્યો. આજે સુર સમ્રાજ્ઞી હૃદયનાથ મંગેશકરે મુખાગ્નિ આપી. લતા મંગેશકરના અંતિમ સંસ્કાર સંપૂર્ણ રાજકીય સન્માન સાથે કરવામાં આવ્યા હતા. લતા મંગેશકરના મૃતદેહ પરથી તિરંગો કાઢી લેવામાં આવ્યો હતો અને તિરંગો પરિવારને સોંપવામાં આવ્યો હતો. ૮ પંડિતો દ્વારા તેમના









લતા મંગેશકર કોરોના સામેની લડાઈ હારી ગયાં હતા. લતાજીના નિધન પર બે દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કરવામાં આવ્યો છે. આ દરમિયાન ત્રિરંગો અડધો ઝુકેલો રહેશે. તેમના પાર્થિવ દેહને અંતિમ દર્શન માટે શિવાજી પાર્કમાં રાખવામાં આવ્યો હતો.વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ લતા મંગેશકરને અંજલિ આપવા માટે મુંબઈ પહોંચ્યા હતા. પંડિતોના મંત્રોચ્ચાર વચ્ચે લતા મંગેશકરને તેમના ભાઈ અંતિમ સંસ્કારની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી.

શિવાજી પાર્કમાં મોટી હસ્તીઓનો ધસારો રહ્યો હતો.મહારાષ્ટ્રના રાજ્યપાલ ભગતસિંહ કોશ્યરી, મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે, રાજ ઠાકરે, સચિન તેંડુલકર, શાહરૂખ ખાન, જાવેદ અખ્તર વગેરેએ શ્રદ્ધાંજલિ આપી હતી. બોલિવૂડ સ્ટાર શાહરૂખ ખાન પણ લતા મંગેશકરની અંતિમ યાત્રામાં હાજરી આપવા શિવાજી પાર્ક પહોંચ્યા હતા. આ સિવાય સચિન તેંડુલકર, ઉદ્ધવ ઠાકરે, શરદ પવાર, રાજ ઠાકરે, પીયૂષ ગોયલ સહિત અનેક હસ્તીઓએ પણ હાજરી આપી હતી. લતા મંગેશકરની અંતિમ ઝલક માટે બોલિવૂડ એક્ટર શાહરૂખ ખાન, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે તેમના પરિવાર સાથે, શરદ પવાર અને સચિન તેંડુલકર વગેરે અનેક લોકો પહોંચ્યા હતા. મેલોડી ક્વીન લતા મંગેશકરના નિધન પર કર્ણાટક સરકારે બે દિવસના રાજકીય શોકની જાહેરાત કરી છે. દિવંગત આત્માને શ્રદ્ધાંજલિ આપવા માટે રાજ્યમાં ૬ અને ૭ ફેબ્રુઆરીએ બે દિવસનો રાજ્ય શોક રહેશે.

લતા મંગેશકરની અંતિમ યાત્રામાં તેમનું પાર્થિવ શરીર તિરંગામાં લપેટાયેલું હતું. લતા મંગેશકરના ઘરની બહાર ભારે ભીડ જોવા મળી હતી. વંદે માતરમના નારા લગાવવામાં આવી રહ્યા હતા. લતા મંગેશકરને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. પછી મૃતદેહને ફૂલોથી શણગારેલી ટ્રકમાં મૂકીને શિવાજી પાર્ક લઈ જવામાં આવ્યો હતો. લતાજીના અવસાન બાદ જાહેર કરાયેલા બે દિવસના રાષ્ટ્રીય શોકના કારણે રાષ્ટ્રપતિ ભવન અને સંસદ ભવનનો રાષ્ટ્રધ્વજ અડધો ઝુકાવી દેવામાં આવ્યો છે.

લતા મંગેશકરના પાર્થિવ દેહને સાંજે ૪ થી ૬ દરમિયાન શિવાજી પાર્કમાં રાખવામાં આવ્યો હતો. મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ લતા મંગેશકરના

● અનુસંધાન પાન-૭ પર

## લતાદીદીના નિધનથી સર્જાયેલ ખાલીપણાને ભરી શકાશે નહીં : મોદી

**લતાજીના નિધન પર વડાપ્રધાન મોદીએ કરી ટ્વીટ : પ્રશંસકોના હૃદયમાં રહેશે અવાજ : રાહુલ ગાંધી : લતા મંગેશકરનું નિધન દેશ માટે ખુબ મોટું નુકસાન : ગડકરી**

મુંબઈ, તા.૬

હિન્દી સિનેમાની પ્રખ્યાત



ગાયિકા સૂર સામ્રાજ્ઞી લતા મંગેશકરે ૯૨ વર્ષની વયે મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં આજે સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા. ભારત રત્ન લતા મંગેશકર ગત ૮ જાન્યુઆરીથી મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં કોવિડ સંક્રમિત થયા બાદથી સારવાર હેઠળ હતા. અચાનક આવેલા નિધનના દુખદ ખબરથી દેશ હચમચી ગયો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારત રત્ન લતા મંગશકરના નિધન પર દુ:ખ વ્યક્ત કર્યું છે. પીએમ મોદીએ ટ્વીટ કરીને લખ્યું કે દયાળુ અને દેખભાળ કરનારા લતાદીદી આપણને છોડીને જતા રહ્યા છે. તેમણે કહ્યું કે લતા દીદીના જવાથી દેશમાં એક એવું ખાલીપણું સર્જાયું છે જેને ભરી શકાય નહીં. આવનારી પેઢીઓ યાદ રાખશે કે લતા મંગશકર કેટલા મોટા કલાકાર હતા. તેમના અવાજમાં લાકોના મનને મોહવાની તાકાત હતી.

## લતા મંગેશકરના નિધન પર ૨ દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર

**રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ રહેશે**

નવી દિલ્હી, તા.૬

સ્વર કોકિલા લતા મંગેશકરનું આજે મુંબઈમાં નિધન થઈ ગયું. લતા મંગેશકરની યાદમાં કેન્દ્ર સરકારે બે દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કર્યો છે. આ દરમિયાન દેશનો તિરંગો ઝંડો લતા મંગેશકરની યાદમાં અડધી કાઠીએ રહેશે.

લતા મંગેશકરે આજે સવારે ૮.૧૨ વાગે છેલ્લા શ્વાસ લીધા. બ્રીચ કેન્ડી હોસ્પિટલના જણાવ્યાં મુજબ સ્વર કોકિલા લતા મંગેશકરનું નિધન મલ્ટીપલ ઓર્ગન ફેલિયરના કારણે થયું. નિધન સમયે તેમની ઉંમર ૯૨ વર્ષ હતી.

અત્રે ઉલ્લેખનીય છેકે લતા મંગેશકર મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં ગત ૮ જાન્યુઆરીથી કોરોના વાયરસથી સંક્રમિત થયા બાદ એડમિટ થયા હતા. ગઈકાલે તેમની તબિયત વધુ બગડતા વેન્ટિલેટર પર લઈ જવાયા હતા. લતા મંગેશકરના નિધન બાદ સિને જગતમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ ભારત રત્ન લતા મંગશકરના નિધન પર દુ:ખ વ્યક્ત કર્યું છે. પીએમ મોદીએ ટ્વીટ કરીને લખ્યું કે હું શબ્દોની પીડાથી પરે છું. લતા દીદી આપણને છોડીને જતા રહ્યા. લતા દીદીના જવાથી દેશમાં એક એવું ખાલીપણું સર્જાયું છે જેને ભરી શકાય નહીં.

## લતાજીએ "મેરે વતન કે લોગો" ગીતથી નેહરુને રડાવી દીધા હતા

**આ ગીત ગાવા લતા મંગેશકર તૈયાર ન હતા : લતા દી ને એ ખબર ન હતી કે ગીત આટલું પ્રખ્યાત થશે કે ઇતિહાસમાં સૌથી પ્રખ્યાત રાષ્ટ્રભક્તિ ગીત બની જશે**

મુંબઈ, તા.૬

ભારતના રાષ્ટ્રભક્તિ ગીતમાં 'એ મેરે વતન કે લોગોહ્લ ગીતથી વધારે ભાગ્યે જ કોઈ ગીત ગશે. ઘણા ઓછા લોકોને ખબર હશે કે આ ગીત ગાતા પહેલા સ્વર સામ્રાજ્ઞી લતા મંગેશકર તૈયાર ન હતા. ઘણા મનાવ્યા પછી તેમણે આ ગીત ગાયું હતું. લતા દીદી પહેલા આ ગીત પોતાની નાની બહેન આશા સાથે ગાવા માંગતા હતા પણ તે સમય પર પહોંચ્યા ન હતા. પછી લતા મંગેશકરને દિલ્હી બોલાવવામાં આવ્યા હતા અને તેમણે તત્કાલીન પ્રધાનમંત્રી જવાહરલાલ નેહરુ સહિત આખા દેશની આંખોમાં આંસુ લાવી દીધા હતા. જોકે ત્યારે લતા દી ને એ રસપ્રદ છે. ૧૯૬૨ના યુદ્ધમાં આપણે ચીન સામે ખરાબ રીતે



ખબર ન હતી કે ગીત આટલું પ્રખ્યાત થશે કે ભારતના ઈતિહાસમાં સૌથી પ્રખ્યાત રાષ્ટ્રભક્તિ ગીત બની જશે.

આ ગીતને લખવાથી લઈને જવાહર લાલ નહેરુની આંખોમાં આંસુ સુધી, તેના ઘણા કિસ્સા હારી ગયા હતા. આપણા હજારો સૈનિકો શહીદ થયા હતા. દેશના આત્મવિશ્વાસને તેનાથી ઘણો આઘાત લાગ્યો હતો. તે સમયે કવિ પ્રદીપના મનમાં આવ્યું કે કશુંક એવું લખું કે જેનાથી દેશનો

● અનુસંધાન પાન-૭ પર

## પંજાબમાં ચન્ની જ રહેશે સીએમ પદના ઉમેદવાર : રાહુલ ગાંધી

**રાહુલ ગાંધીએ એક રેલીમાં સત્તાવાર જાહેરાત કરી**

ચંદીગઢ, તા.૬

પંજાબ વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસના મુખ્યમંત્રીનો ચહેરો કોણ હશે તેની અટકળોનો અંત આવી ગયો છે. કોંગ્રેસે વર્તમાન મુખ્યમંત્રી ચરણજીત સિંહ ચન્નીને આગામી ચૂંટણીમાં પણ મુખ્યમંત્રીનો ચહેરો જાહેર કર્યા છે. રાહુલ ગાંધીએ રવિવારે લુધિયાણામાં યોજાયેલી એક રેલીમાં સત્તાવાર તેની જાહેરાત કરી છે.

ચન્નીચમકૌર સાહિબ ઉપરાંત ભદૌર વિધાનસભા બેઠક પરથી પણ ચૂંટણી લડી રહ્યા છે. ગત સપ્તાહે જાલંધરમાં યોજાયેલી રાહુલ ગાંધીની રેલીમાં સિદ્ધુએ કહ્યું હતું કે કોંગ્રેસે મુખ્યમંત્રી પદ માટેના નામની જાહેરાત કરી દેવી જોઈએ. સિદ્ધુ અને ચન્ની બંનેએ આ અંગે નિર્ણય લેવાની અપીલ કરી હતી.

લુધિયાણામાં પોતાના સંબોધનમાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, ચન્નીજી ગરીબ ઘરના પુત્ર છે. તેઓ ગરીબીમાંથી આવ્યા છે અને ગરીબીને સારી રીતે સમજે છે. તેમના લોહીમાં પંજાબ છે. સિદ્ધુજીના લોહીમાં પણ પંજાબ છે. ચન્નીજીની અંદર અહંકાર નથી અને તેઓ જનતાની વચ્ચે જાય છે. મોદી અને યોગી તો જનતા વચ્ચે જતાં પણ નથી.

તેમણે વધારેમાં કહ્યુ હતું કે, આ પંજાબનો નિર્ણય છે. અમે કાર્યકર્તાઓને પૂછ્યું હતું. પાર્ટીના ટોચના નેતાઓ સાથે પણ ચર્ચા કરી હતી. તમામ લોકોએ કહ્યુ હતું કે ગરીબ ઘરનો મુખ્યમંત્રી હોવો જોઈએ. સરણજીત સિંહ ચન્ની અમારા મુખ્યમંત્રી પદના ઉમેદવાર રહેશે. આ જાહેરાત બાદ ચન્નીએ રાહુલ ગાંધીનો આભાર માન્યો હતો અને કહ્યું હતું કે, અમે બધા સાથે મળીને પંજાબ માટે કામ કરીશું.

ચરણજીત સિંહ ચન્ની દલિત છે અને પંજાબમાં ૩૨ ટકા વસ્તી દલિતોની છે. હિંદુ દલિતો સાથે શીખ સમુદાય પર પણ ચન્નીની સારી પકડ છે. ચન્નીને મુખ્યમંત્રી પદના ઉમેદવાર ન બનાવવામાં આવે તો તેની સીધી અસર દલિત વોટ પર પણ પડી શકે છે. નોંધનીય છે કે પંજાબની તમામ ૧૧૭ બેઠકો પર એક જ તબક્કામાં મતદાન થવાનું છે. પંજાબમાં ૨૦ ફેબ્રુઆરીએ મતદાન યોજાશે અને ૧૦ માર્ચે મતગણતરી થશે.

## ભારતે ફાઈનલમાં ઈંગ્લેન્ડને હરાવીને વર્લ્ડકપ જીતી લીધો

**ભારતની જુનિયર ટીમે પાંચમી વખત ટ્રોફી નામે કરી : મેન ઓફ ધ મેચ રાજા બાવાએ ૫ વિકેટ અને ૩૫ રન સાથે ઓલરાઉન્ડર ખેલાડી તરીકે અદ્ભૂત પ્રદર્શન કર્યું**




એંટિગા, તા.૬

અંડર-૧૯ ભારતીય ટીમનો દબદબો આ વર્લ્ડકપમાં યથાવત રહ્યો છે. ભારતીય ટીમ ઈંગ્લેન્ડને હરાવીને વર્લ્ડકપ જીતી લીધો છે. ૨૦૨૨ના જુનિયર ક્રિકેટ વર્લ્ડકપમાંમાં ઈંગ્લેન્ડને હરાવવાની સાથે ભારતે ૫મી વખત ટ્રોફી પોતાના નામે કરી છે. આ પહેલા ભારેત વર્ષ ૨૦૦૨, ૨૦૦૮, ૨૦૧૨ અને ૨૦૧૮માં ટ્રોફી પોતાના નામે કરી હતી. જુનિયર ભારતીય ટીમે મેળવેલી સફતા બાદ શુભેચ્છાઓ અને ઈનામોનો વરસાદ શરુ થઈ ગયો છે. આગામી સમયમાં આ ટીમના ખેલાડીઓ ભારતીય ટીમ કે આઈપીએલ જેવી મોટી ઈવેન્ટમાં પણ જોવા મળી શકે છે.

ભારતીય ટીમ તરફથી મેન ઓફ ધ મેચ રાજા બાવાએ ૫ વિકેટ અને ૩૫ રન સાથે ઓલરાઉન્ડર ખેલાડી તરીકે અદ્ભૂત પ્રદર્શન કર્યું, હરનૂર સિંહ અને નિશાંત સિંધુની અર્ધ સદીના દમ પર ભારતે

● અનુસંધાન પાન-૭ પર

ત્રીજી વાર્ષિક પુણ્યતિથીએ શ્રદ્ધાંજલિ



સ્વ. આનંદીબા શંકરસિંહ ગોહિલ

સ્વ. તા. ૭/૨/૨૦૧૯

જીવન હતું સુવાસ સભર, એ સુવાસ અમારા હૃદયમાં મહેક્યા કરે છે. ધર્મ કદી ભૂલ્યા નથી, વ્યવહાર કદી ચુક્યા નથી. સુખ-દુ:ખમાં હસતા રહ્યા, સૌના દિલમાં વસી ગયા.

પ્રભુ તમારા આત્માને શાંતિ આપે...

શંકરસિંહ એસ. ગોહિલ
(ગુજરાત બાર કાઉન્સીલ મેમ્બર)

ગાયત્રીબા પ્રતિકસિંહ ગોહિલ (એડવોકેટ) — પ્રતિકસિંહ એસ. ગોહિલ (એડવોકેટ)
વૈશાલીબા મયુરધ્વજસિંહ વાઘેલા (યુ.કે.) — મયુરધ્વજસિંહ મનુભા વાઘેલા (યુ.કે.)
શિવાંશસિંહ મયુરધ્વજસિંહ વાઘેલા (યુ.કે.) — અભિરાજસિંહ મયુરધ્વજસિંહ વાઘેલા (યુ.કે.)